ચોપાઇ- હવે કહું વ્રત નિરલોભી, જેણે કરી રહ્યા સંત શોભી ।
જેમ નારીનો નહિ પ્રસંગ, તેમ તજ્યો છે દ્રવ્યનો સંગ ॥૧॥
એવા સંતનો મળે સમાજ, માંહોમાંહિ બોલે મુનિરાજ ।
જેને મળ્યા પુરુષોત્તમ રાય, તે તો પૂરણકામ કહેવાય ॥૨॥
તેને ન્યૂન ન મનાય મન, લાધ્યું અખૂટ જેને મહાધન ।
ધુતા ન ધુતે ચોર ન લુંટે, ખાતાં ખરચતાં નવ ખૂટે ॥૩॥
એવું મળ્યું મહાધન જેને, તે કેમ ધાશે આ ધાતુ ધનને ।
જેમાં અનેક રહ્યા અનર્થ, સંચે ત્યાગી તો વણસે અર્થ ॥૪॥
ચોરી હિંસા અનૃત અપાર, કામ ક્રોધ ને દંભ ભંડાર ।
મદ ભેદ ને વૈર વ્યસન, સ્મય સ્પર્ધાદિ છે જીયાં ધન ॥૫॥
મદ્ય પાન સ્ત્રિયા સંગ થાય, દ્યૂતવિદ્યા ને વિશ્વાસ જાય ।
રહ્યાં એટલાં દ્રવ્યમાં મળી, જેમ જળમાં જળજંતુ વળી ॥૬॥
દ્રવ્ય કરાવે પાપ અધર્મ, દ્રવ્ય કરાવે વૈર વિકર્મ ।
દ્રવ્ય કરાવે કપટ છળ, દ્રવ્ય કરાવે કોટિ કકળ ॥૭॥
દ્રવ્ય કરાવે દગા દુષ્ટતાઇ, દ્રવ્ય કરાવે કામ કસાઇ ।
દ્રવ્ય કરાવે ઉચ્ચ ને નીચ, દ્રવ્ય કરાવે પાષંડ પેચ ॥૮॥

દ્રવ્ય કરાવે જાતિ વિટાળ, દ્રવ્ય ચડાવે સાચા ને આળ ।
દ્રવ્ય કરાવે હાલ બેહાલ, દ્રવ્ય કરાવે કૃપણ કંગાલ ॥૯॥
દ્રવ્ય કરાવે ચોરી ચાકરી, દ્રવ્ય કરાવે ટેલ્ય આકરી ।
દ્રવ્ય કરાવે જીવની ઘાત, દ્રવ્ય કરાવે પિંડનો પાત ॥૧૦॥
દ્રવ્ય ન્યાય અન્યાય કરાવે, દ્રવ્ય જુઠી તે સાંખ્ય ભરાવે ।
દ્રવ્ય લેવરાવે લાંચ ભાડ્ય, દ્રવ્ય કરાવે રાંકશું રાડ્ય ॥૧૧॥
દ્રવ્ય સતીનું સત્ય મુકાવે, દ્રવ્ય જતિનું જત ચુકાવે ।
દ્રવ્ય મુનિનું મૌન બગાડે, દ્રવ્ય તપિને તપથી પાડે ॥૧૨॥
દ્રવ્ય અર્થે પૃથ્વીએ ફરે છે, દ્રવ્ય અર્થે લડીને મરે છે ।
દ્રવ્ય અર્થે વેચે નિજ તન, તજે જીવિતવ્ય ન તજે ધન ॥૧૩॥
દ્રવ્ય અર્થે વળી વાંણે ચડે, દ્રવ્ય અર્થે પહાડે ચડી પડે ।
દ્રવ્ય અર્થે ઘાત ઘણી ઘડે, થાય અનર્થ બહુ દ્રવ્ય વડે ॥૧૪॥
દ્રવ્ય ધર્મમાંહિથી ચળાવે, દ્રવ્ય નીચના ધર્મ પળાવે ।
જે જે જાય છે નરકમાં જન, તેનું મૂળ કારણ છે ધન ॥૧૫॥
કામ કોધ ને મોહ કહેવાય, હર્ષ શોક લોભ થકી થાય ।
માન ઈરષા મમતા તાણ્ય, લોભ સર્વેનું કારણ જાણ્ય ॥૧૬॥
પામે છે જીવ જુજવા ક્ષોભ, તેતો જેને જેવડો છે લોભ ।
લોભ સંતશું હેત ત્રોડાવે, લોભ દુષ્ટશું પ્રીત જોડાવે ॥૧૭॥
લોભ કરાવે ન કર્યાનાં કામ, લોભ કરાવે જીવત હરામ ।
જેજે અવળું જગતમાં થાય, તેતો સર્વે દ્રવ્યથી કહેવાય ॥૧૮॥
દ્રવ્યે પુત્ર તે પિતાને મારે, દ્રવ્યે શિષ્ય ગુરુને સંહારે ।
થાય દ્રવ્યે મહાપંચ પાપ, થાય દ્રવ્યે કૃતઘ્ની આપ ॥૧૯॥
એવું અઘ જગે નહિ કોય, જે કોઈ દ્રવ્ય મળતાં ન હોય ।
દ્રવ્ય મુકાવે જ્ઞાનીનું જ્ઞાન, દ્રવ્ય મુકાવે ધ્યાનીનું ધ્યાન ॥૨૦॥
દ્રવ્ય મુકાવે માનીનું માન, દ્રવ્ય કરાવે નિર્લજજ નિદાન ।
કહિ કહિ કેટલા કહેવાય, જે કોઈ દ્રવ્યથી અનર્થ થાય ॥૨૧॥
એવા લોભમાંહિ જે લેવાણા, તેતો તૃષ્ણાને પૂરે તણાણા ।

તેને ઉગરવા સઈ આશ, એવું જાણી દૂર રહેવું દાસ ॥૨૨॥
લોભે સુર ને અસુર લડે, દૈત્ય ભૂત દુઃખી લોભવડે ।
યક્ષ રાક્ષસ સહુ લોભે હેરાણ, તેને ઈચ્છે તે નર અજાણ ॥૨૩॥
લોભે કરાવ્યો કુટુંબે કળો, પડ્યો પાંડવ કૌરવમાં સળો ।
માંહોમાંહિ લડી ખોયા પ્રાણ, તેને ઈચ્છે તે નર અજાણ ॥૨૪॥
લોભે લડે ભૂમિએ ભૂપતિ, લોભે બળે પતિ સંગે સતિ ।
લોભ કરાવે પ્રાણની હાણ, તેને ઈચ્છે તે નર અજાણ ॥૨૫॥
ડાહ્યા શિયાણા પંડિત પીર, લોભે કર્યા સહુને અધીર ।
કવિ કોવિદ કર્યા વેચાણ, તેને ઈચ્છે તે નર અજાણ ॥૨૬॥
સ્વર્ગ મૃત્યુ ને પાતાળમાંય, લોભે લઈ લીધાં જન ત્યાંય ।
એવી પ્રસારી છે મોટી પાણ, તેને ઈચ્છે તે નર અજાણ ॥૨૭॥
લોભે આપી છે અવળી મત્ય, મનાવ્યું છે અસત્યમાં સત્ય ।
તેની નરને નહિ ઓળખાણ, તેને ઈચ્છે તે નર અજાણ ॥૨૮॥
લોભે નાખી ગળે જમ ફાંસી, લોભે લેરાવી લખચોરાશી ।
લોભ ફેરવે છે ચારે ખાણ, તેને ઈચ્છે તે નર અજાણ ॥૨૯॥
જન્મમરણનું કારણ જેહ, સહુ જન જાણો લોભ તેહ ।
તેની મેલી દેવી જોઈયે તાણ, તેને ઈચ્છે તે નર અજાણ ॥૩૦॥
જેને લોભે કબજામાં લીધા, તેને દીન દાલદરી કીધા ।
સહ્યાં શરીરે દુઃખ મેરાણ, તેને ઈચ્છે તે નર અજાણ ॥૩૧॥
એવું સમજી સંત અસાર, તજયું દ્રવ્ય ને સર્વ પ્રકાર ।
મેલી તન મને તેની તાણ, તેને ઈચ્છે તે નર અજાણ ॥૩૨॥
મણિ હીરા મોતી પરવાળાં, રત્ન આદ્યે જે નંગ રૂપાળાં ।
એતો જમની જાળ્ય જોરાણ, તેને ઈચ્છે તે નર અજાણ ॥૩૩॥
અન્ન જળ ને વસ્ત્ર છે જેહ, તેણે કરી રહે છે આ દેહ ।
તેના આપનારા અવિનાશ, એમ સમજે છે હરિના દાસ ॥૩૪॥
અન્ન ખાવું તે ક્ષુધાને ખોવા, જળ પિવું તે પ્રાણને ટોવા ।
રહેવું અન્ય વસ્તુથી નિરાશ, એમ સમજે છે હરિના દાસ ॥૩૫॥

શીત ઉષ્ણ નિવારવા તન, રાખે અંગે વસ્ત્ર હરિજન ।
જેવું મળે તેવું રાખે પાસ, એમ સમજે છે હરિના દાસ ॥૩૬॥
તેહ વિના છે સર્વેનો ત્યાગ, વિષયસુખ સાથે છે વૈરાગ્ય ।
ક્યારે ઇચ્છે નહિ જાણી કાશ, એમ સમજે છે હરિના દાસ ॥૩૭॥
સોના રૂપામાં સુખ ન માને, જેને મહાપ્રભુ આવિયા પાને ।
કીટ બ્રહ્માલગી દેખે નાશ, એમ સમજે છે હરિના દાસ ॥૩૮॥
એક સમજાણું હરિમાં સુખ, બીજું સર્વે જણાણું છે દુઃખ ।
જેવો જમકિંકર કાળપાશ, એમ સમજે છે હરિના દાસ ॥૩૯॥
જેને મળ્યું છે મહાધન મોટું, બીજું સર્વે સમજાણું છે ખોટું ।
પાપ જાણીને ન કરે પ્યાસ, એમ સમજે છે હરિના દાસ ॥૪૦॥
અહિ વિંછિ ને વિષ અંગાર, કાક વિષ્ટામાંહિ શિયું સાર ।
એવું જાણી તજે સુખ આશ, એમ સમજે છે હરિના દાસ ॥૪૧॥
એવી કોણ વસ્તુ છે આ ભૂમાં, જેમાં લોભે જે લોભ્યા પ્રભુમાં ।
રહે છે અંતર સહુથી ઉદાસ, એમ સમજે છે હરિના દાસ ॥૪૨॥
એમ નર થયા નિરલોભ, કોઈ સુખે નહિ મનક્ષોભ ।
જેણે માન્યો બ્રહ્મમોલે વાસ, એમ સમજે છે હરિના દાસ ॥૪૩॥
એહ રીત્યે લોભને જીતાય, બીજો છે ઉપરનો ઉપાય ।
થાય અંતરે અભાવ જ્યારે, લોભ તજાય સમૂળો ત્યારે ॥૪૪॥
એમ લોભ લાલચને જીતી, કરી પુરુષોત્તમ સાથે પ્રીતિ ।
તેને કામ ને લોભ ન વ્યાપે, સ્વામી સહજાનંદ પરતાપે ॥૪૫॥

પૂર્વછાયો- નિષ્કામી નિરલોભી થઈ, ભજે છે ભગવંત ।
તેવાજ ત્યાગી સ્વાદના, જેહ નિરસ્વાદી સંત ॥૪૬॥
સર્વે રસ જાણી શ્યામમાં, અન્ય રસ જાણે અનિત્ય ।
નિરસ્વાદી એવા સંતની, કહું સાંભળજ્યો સહુ રીત ॥૪૭॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે નિર્લોભી વ્રતમાન કહ્યું એ નામે એકસોને સાતમું પ્રકરણમ્ ॥૧૦૭॥